# ૨૫ મો વાર્ષિક હિસાબ

વર્ષ : ૨૦૨૪-૨૫




## ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

# ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

## ૨૬ મો

## વાર્ષિક હિસાબ

નાણાકીય વર્ષ : ૨૦૨૪-૨૫

છઠ્ઠો માળ, ગીફ્ટ વન રોડ, ૫-સી, ઝોન-૫, ગીફ્ટ સીટી ગાંધીનગર-૩૮૨૦૫૦
Ph. +91 79 2360 2000
E-mail : gerc@gercin.org Website : www.gercin.org

# ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

આયોગ વીજળી અધિનિયમ-૨૦૦૩ની
કલમ-૧૦૪(૪) અન્વયે વર્ષ ૨૦૨૪-૨૫ માટેનો **૨૬**મો
વાર્ષિક હિસાબ રજૂ કરે છે.

**રંજીથકુમાર જે., આઈએએસ**
સચિવ
ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

# એક દ્રષ્ટિપાત

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ છેલ્લા ૨૬ વર્ષથી કાર્યરત છે. જેના મુખ્ય કાર્યો જેવાં કે રાજયની અંદર જથ્થાબંધ, મોટા જથ્થામાં કે છૂટક જે હોય તે પ્રમાણે વીજળીના ઉત્પાદન, પુરવઠા, પ્રવહન અને વ્હીલીંગ માટે પ્રશુલ્ક નકકી કરવાનું, રાજયની અંદર ખુલ્લા પ્રવેશની (Open Access) નીતિને પ્રોત્સાહન આપવું, વીજ ખરીદી અને વીજ પુરવઠા પ્રાપ્તિ પ્રક્રિયાને નિયંત્રિત કરવી. રાજયની અંદર વીજ પ્રવહન તથા વિતરણ માટે પરવાના આપવા, પુનઃપ્રાપ્ત ઊર્જા સ્ત્રોતો મારફત વીજ ઉત્પાદન અને કો-જનરેશનને પ્રોત્સાહન આપવું, પરવાનેદાર તથા વીજ કંપનીઓ વચ્ચેની તકરારોનું નિવારણ, રાજય ગ્રીડ અને સપ્લાય કોડ નિર્દિષ્ટ કરવા અને વિદ્યુત અધિનિયમ હેઠળ રાજયાંતર્ગત વીજ વેપાર માર્જિન નકકી કરવો અને વિદ્યુત અધિનિયમ-૨૦૦૩ અને ગુજરાત વીજળી આયોગ (પુનઃવ્યવસ્થા અને વિનિયમન) અધિનિયમ નીચે સુપરત કરેલ કાર્યો બજાવવા. ૧૯૯૮ના વિદ્યુત નિયંત્રક આયોગ અધિનિયમ નીચે આયોગની રચના કરવામાં આવેલ છે કે જે ગુજરાત વીજળી આયોગ (પુનઃવ્યવસ્થા અને વિનિયમન) અધિનિયમની કલમ-૩ (૧) અને પાછળથી ૨૦૦૩ વિદ્યુત અધિનિયમની કલમ-૮૨ ની જોગવાઈઓ અન્વયે રચાયેલ આયોગ ગણેલ છે.

ગુજરાત વિદ્યુત અધિનિયમ ફંડનું નિયમન જી.ઈ.આર.સી. ફંડ નિયમો ૨૦૦૫ હેઠળ થાય છે. જી.ઈ.આર.સી.ની આવક મુખ્યત્વે પરવાના ફી તથા પીટીશન ફીમાંથી થાય છે. જી.ઈ.આર.સી. ફંડનું દર વર્ષે ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ દ્વારા ઓડિટ કરવામાં આવે છે. જે વાર્ષિક હિસાબો ને પ્રમાણિત કરવામાં આવે છે. અને રાજય વિધાનસભા સમક્ષ તે રજૂ કરવામાં આવે છે. સી.એ.જી. તરફથી ઓડિટ તા. ૨૭/૦૫/ ૨૦૨૫ થી ૧૧/૦૬/૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ હતું.

ફંડનું રોકાણ ફકત રાષ્ટ્રીયકૃત બેંકોમાં અને રાજય સરકાર ની નાણાકીય સંસ્થામાં કરવામાં આવે છે. ગુજરાત સરકારના વખતોવખતના સુધારેલા નાણાકીય નિયમો, ૧૯૭૧ હેઠળ ફંડનું સંચાલન થાય છે અને વણવપરાયેલ ફંડનું રોકાણ રાજય સરકારની નાણાકીય સંસ્થા તથા રાષ્ટ્રીયકૃત બેંકોમાં બાંધી મુદતની થાપણોના રૂપમાં કરવામાં આવે છે. જી.ઈ.આર.સી. ગુજરાત સરકાર તરફથી કોઈ ગ્રાન્ટ/નાણાકીય સહાય મેળવતી નથી અને નાણાકીય રીતે વર્ષ ૨૦૦૫ થી સ્વનિર્ભર છે. જી.ઈ.આર.સી. (ફી, દંડ અને ખર્ચ) વિનિયમો, જાહેરનામા નં. ૬/૨૦૦૫ અન્વયે વાર્ષિક પરવાના ફી અને પીટીશન ફી એ જી.ઈ.આર.સી.ની આવકના મુખ્ય સ્ત્રોતો છે.

જી.ઈ.આર.સી. સને ૨૦૨૪-૨૫ માં વાર્ષિક પરવાના ફી રૂા 333૮.૭3 લાખ (મળેલ અને મળવાપાત્ર તરીકે ગણેલ સહિત) અને પીટીશન ફી રૂા. ૯૯૭.૨૬ લાખ પ્રાપ્ય કરેલ છે. અને રાજય સરકારની નાણાકીય સંસ્થા અને રાષ્ટ્રીયકૃત બેંકોમાં બાંધી મુદતની થાપણો અને બેંક ખાતા પર વ્યાજ પેટે રૂા. 3૨૨3.૭૮ લાખ મળેલ છે.

જી.ઈ.આર.સી.ને સને ૨૦૨૪-૨૫ દરમિયાન રૂા. ૧૬૧૪.૨૪ લાખ નો કુલ ખર્ચ થયેલ હતો જે પૈકી રૂા. ૭3૬.૮૪ લાખ મહેકમ ખર્ચ પેટે તથા રૂા. ૬૬૯.૦૧ લાખ અન્ય વહીવટી ખર્ચ હતો અને ઘસારા પેટે રૂા. ૧૯૪.૮૪ લાખ છે.

જી.ઈ.આર.સી. તા ૩૧-૩-૨૦૨૫ ના રોજ કુલ કોર્પસ ફંડ રૂા. ૪૪૫૧૯.૦૦ લાખ તથા સામાન્ય અનામત રૂા. ૨૨૮૯.૨૩ લાખ ધરાવે છે.

જી.ઈ.આર.સી. વીજ ક્ષેત્રમાં પલટાતા પ્રવાહની સાથે તાલ મિલાવે છે અને એકંદરે આ ક્ષેત્રમાં વિકાસ માટે સ્વયંસ્ફૂરિત કામગીરી સુનિશ્ચિત કરે છે.

# ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, ગાંધીનગર.

## ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના
## તા. ૩૧-૦૩-૨૦૨૫ ના રોજ પૂરા વર્ષના હિસાબો પર ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો ઓડિટ અહેવાલ

### યોગ્ય અભિપ્રાય

અમે ગુજરાત ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશનના નાણાકીય નિવેદનોનું ઓડિટ કર્યું છે, જેમાં ૩૧ માર્ચ ૨૦૨૫ની સ્થિતિએ નાણાકીય સ્થિતિ નિવેદન તથા તે વર્ષ માટે આવક-ખર્ચ ખાતું અને મહત્વની એકાઉન્ટિંગ નીતિઓનો સારાંશ તથા નોંધોનો સમાવેશ થાય છે. આ ઓડિટ ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષક (કાર્યો, સત્તાઓ અને સેવા શરતો) અધિનયમ, ૧૯૭૧ની કલમ ૧૯(૨) તથા ગુજરાત ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (વાર્ષિક હિસાબો, વાર્ષિક અહેવાલ અને બજેટ) નિયમો, ૨૦૦૫ના નિયમ ૩(૨) મુજબ કરવામાં આવ્યો છે.

અલાયદા ઓડિટ અહેવાલમાં ભારતના કોન્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણી માત્ર હિસાબી નિરૂપણ બાબતે વર્ગીકરણ, ઉત્કૃષ્ટ હિસાબી પ્રણાલીનુસારની સાતત્યતા, હિસાબી ધોરણે અને સ્પષ્ટતાના ધોરણે વગેરેને આધીન છે. નાણાંકીય વ્યવહારો પરના ઓડિટ તારણો કાયદાનું પાલન, નિયમો અને વિનિયમો (ઔચિત્યતતા તથા નિયમાનુસાર) અને કાર્યક્ષમતા કામગીરી વગેરે અંગે અગર કોઈ હોય તો તે જે નિરીક્ષણ અહેવાલમાં / કોન્ટ્રોલર અને ઓડિટર જનરલ ઓડિટ અહેવાલમાં ધ્યાને આવેલ છે, તે પાસાને ધ્યાને લઈ અલાયદા કરવામાં આવેલ છે.

અમારા મત અનુસાર, અમારા અહેવાલના યોગ્ય અભિપ્રાય માટેનો આધાર, વિભાગમાં વર્ણવાયેલા મુદ્દાની અસરને બાદ કરતાં, સાથે જોડાયેલા ગુજરાત વિદ્યુત નિયમન આયોગના નાણાકીય હિસાબો જેને લાગુ પડતી હિસાબી નીતિઓ, તેની નોંધો તથા ત્યારબાદ આવનાર અલગ ઓડિટ અહેવાલમાં ઉલ્લેખિત અન્ય મુદ્દાઓ સાથે વાંચવામાં આવે ૩૧ માર્ચ, ૨૦૨૫ ના રોજ સ્વાયત્ત સંસ્થાની નાણાકીય સ્થિતિનું તથા તે વર્ષ દરમિયાનની તેની નાણાકીય કામગીરીનું, સ્વાયત્ત સંસ્થાઓ (AB) માટે લાગુ પડતા ફોર્મેટ મુજબ, સાચું અને ન્યાયસંગત પ્રતિબિંબ આપે છે.

### યોગ્ય અભિપ્રાય માટેનો આધાર

ગુજરાત વિદ્યુત નિયમન આયોગના હિસાબો અંગેના Separate Audit Report માં વર્ણવેલ મુદ્દાઓ તરફ ધ્યાન દોરવામાં આવે છે.

અમે અમારી ઓડિટ કામગીરી CAG ના ઓડિટ નિયમો /માનદંડો /મેન્યુઅલ્સ/માર્ગદર્શિકાઓ /માર્ગદર્શન નોંધો/આદેશો/પરિપત્રો વગેરે અનુસાર કરી છે. નાણાકીય નિવેદનોના ઓડિટ માટેની અમારી જવાબદારીઓ અમારા અહેવાલના “Auditor’s Responsibilities for the Audit of the Financial Statements” વિભાગમાં વધુ વિગતે વર્ણવવામાં આવી છે. અમે નાણાકીય નિવેદનોના ઓડિટ સંબંધિત લાગુ પડતી નૈતિક આવશ્યકતાઓ અનુસાર સ્વાયત્ત સંસ્થાથી સ્વતંત્ર છીએ અને આ આવશ્યકતાઓ અનુસાર અમારી અન્ય તમામ નૈતિક જવાબદારીઓ પણ પૂર્ણ કરી છે. અમારો વિશ્વાસ છે કે અમે પ્રાપ્ત કરેલ ઓડિટ પુરાવા અમારી યોગ્ય અભિપ્રાય માટે પૂરતા અને યોગ્ય

આધારરૂપ છે.

**નાણાકીય નિવેદનો અંગે મેનેજમેન્ટની જવાબદારીઓ**

આયોગ સ્વાયત્ત સંસ્થાઓ માટે લાગુ પડતા ફોર્મેટ અનુસાર નાણાકીય નિવેદનોની તૈયારી તથા યોગ્ય અને ન્યાયસંગત રજૂઆત માટે જવાબદાર છે તેમજ વ્યવસ્થાપન દ્વારા જરૂરી ગણવામાં આવતા આંતરિક નિયંત્રણોની સ્થાપના અને જાળવણી માટે પણ જવાબદાર છે, જેથી છેતરપિંડી કે ભૂલને કારણે થતી મહત્વપૂર્ણ ખોટી રજૂઆતથી મુક્ત નાણાકીય નિવેદનો તૈયાર કરી શકાય.

**નાણાકીય નિવેદનોના ઓડિટ માટે ઓડિટરની જવાબદારીઓ**

અમારા હેતુઓ એ છે કે છેતરપિંડી અથવા ભૂલના કારણે થતી મહત્વપૂર્ણ ખોટી રજૂઆતથી નાણાકીય નિવેદનો સમગ્રરૂપે મુક્ત છે કે નહીં તે બાબતે યોગ્ય સ્તરની ખાતરી પ્રાપ્ત કરવી તથા CAG ના ઓડિટ નિયમો/માપદંડો/મેન્યુઅલ્સ/માર્ગદર્શિકાઓ/માર્ગદર્શન નોંધો/આદેશો/પરિપત્રો વગેરે અનુસાર અમારો મત સમાવિષ્ટ કરતો ઓડિટ અહેવાલ રજૂ કરવો.

ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ વતી
અને તેમના નામે
સહી

**બીજીત કુમાર મુખર્જી**
પ્રિન્સિપલ એકાઉન્ટન્ટ જનરલ (ઓડિટ- II) ગુજરાત

**સ્થળ : અમદાવાદ**
**તા. ૦૯-૧૨-૨૦૨૫**

**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના હિસાબો ઉપર અલગ હિસાબી અહેવાલ** (Separate Audit Report)

અ. બેલેન્સ શીટ: શૂન્ય

બ. આવક અને ખર્ચ ખાતું :

**આવક**

- ફી/સબસ્ક્રિપ્શન (અનુસૂચિ—૧૪)
- વાર્ષિક ફી/સબસ્ક્રિપ્શન: રૂ.૩૩.૩૯ કરોડ

ઉપરોક્ત રકમમાં વર્ષ ૨૦૨૩-૨૪ માટે લાઈસન્સ ધારકો પાસેથી વસુલવાપાત્ર લાઇસન્સ ફીમાં થયેલી રૂ.૩.૪૪ કરોડની ઘટનો સમાવેશ થતો નથી.

અનુસૂચિ—૨૫ મહત્વપૂર્ણ હિસાબી નીતિઓ અને હિસાબોની નોંધો ના મુદ્દા ક્રમાંક ૭ — ફી અને ચાર્જિસ તરફ સંદર્ભ આપવામાં આવે છે, જેમાં દર્શાવ્યું છે કે વાસ્તવિક આધારે ગણવામાં આવેલી લાઇસન્સ ફીમાં વધઘટ થતી હોય તો તે આગળના વર્ષની વાર્ષિક લાઇસન્સ ફીમાં સમાયોજિત કરવામાં આવે છે. તે મુજબ, લાઇસન્સધારકો દ્વારા ઓડિટેડ આંકડાના આધારે ચૂકવવામાં આવેલી વાર્ષિક લાઇસન્સ ફીનું એડવાન્સ ચુકવાણું તથા અગાઉના વર્ષોની લાઇસન્સ ફીમાં કરાયેલ સમાયોજન હિસાબોમાં દાખલ કરવામાં આવ્યા છે. મહત્વપૂર્ણ હિસાબી નીતિ અનુસાર નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે લાઇસન્સ ફીમાં સમાયોજન ન કરવામાં આવવાને કારણે આવક (વાર્ષિક ફી/સબસ્ક્રિપ્શન) તથા ચાલુ મિલકતો રૂ.૩.૪૪ કરોડ જેટલી ઓછી દર્શાવવામાં આવી છે. ઉપરાંત, આવક ઉપર ખર્ચનો વધારો એ પણ તે જ હદ સુધી ઓછી રીતે દર્શાવવામાં આવ્યો છે.

ક. રસીદ અને ચુકવણી ખાતું: શૂન્ય

ડ. હિસાબી નીતિઓ: શૂન્ય

ઇ. સામાન્ય: શૂન્ય

ફ. મેનેજમેન્ટ પત્ર

આ અલગ હિસાબી અહેવાલમાં સમાવિષ્ટ ન કરાયેલા દોષો અંગે મેનેજમેન્ટને અલગથી મેનેજમેન્ટ પત્ર દ્વારા સુધારાત્મક પગલાં માટે જાણ કરવામાં આવી છે.

ગ. આંતરિક નિયંત્રણોનું મૂલ્યાંકન

૧. આંતરિક નિયંત્રણ પ્રણાલીની પુર્તતા: કમિશનની આંતરિક નિયંત્રણ પ્રણાલી તેની કદ અને કાર્યના સ્વરૂપને અનુરૂપ અને પૂરતી છે.

૨. આંતરિક ઓડિટ પ્રણાલીની પુર્તતા: કમિશનની આંતરિક ઓડિટ પ્રણાલી તેની કદ અને કાર્યના સ્વરૂપને અનુરૂપ અને પૂરતી છે.

૩. સ્થાયી સંપત્તિઓની ભૌતિક ચકાસણીની પ્રણાલી: વ્યવસ્થાપન દ્વારા સ્થાયી સંપત્તિઓની યોગ્ય સમયાંતરે ભૌતિક ચકાસણી કરવામાં આવી છે. આ ભૌતિક ચકાસણીમાં કોઈ મહત્વપૂર્ણ ખામીઓ નોંધાઈ નથી.

૪. જથ્થા (Inventory) ની ભૌતિક ચકાસણીની પ્રણાલી: કમિશન પાસે કોઈ જથ્થો (ઇન્વેન્ટરી) ઉપલબ્ધ નથી.

૫. કાયદેસર બાકીદારીના ચૂકવણાંમાં નિયમિતતા: કમિશન વ્યાવસાયિક કર (Professional Tax), GST, ભવિષ્ય નિધિ (Provident Fund), કર્મચારી રાજ્ય વીમા યોજના (Employees State Insurance) તેમજ અન્ય તમામ વૈધાનિક બાકીદારીના ચૂકવણાં સંબંધિત સત્તાધિકારીઓને નિયમિત રીતે અને વિવાદરહિત રીતે જમા કરાવે છે.

ઠ. ગ્રાન્ટ્સ-ઇન-એડ

ગુજરાત સરકાર તરફથી કોઈ ગ્રાન્ટ/આર્થિક સહાય પ્રાપ્ત થતી નથી.

ઈ. પ્રતિભાવનો અભાવ: શૂન્ય

| ક્રમ નં. | ઓડિટ અવલોકન (C&AG) | GERC નો જવાબ |
|---|---|---|
| બ | આવક અને ખર્ચ ખાતું –<br>આવક<br>● ફી/સબ્સ્ક્રિપ્શન (અનુસૂચિ–૧૪)<br>● વાર્ષિક ફી/સબ્સ્ક્રિપ્શન: રૂ.૩૩.૩૯ કરોડ<br>ઉપરોક્ત રકમમાં વર્ષ ૨૦૨૩-૨૪ માટે લાઈસન્સ ધારકો પાસેથી વસુલવાપાત્ર લાઇસન્સ ફીમાં થયેલી રૂ.૩.૪૪ કરોડની ઘટનો સમાવેશ થતો નથી.<br>અનુસૂચિ–૨૫ મહત્વપૂર્ણ હિસાબી નીતિઓ અને હિસાબોની નોંધો ના મુદ્દા ક્રમાંક ૭ – ફી અને ચાર્જિસ તરફ સંદર્ભ આપવામાં આવે છે, જેમાં દર્શાવ્યું છે કે વાસ્તવિક આધારે ગણવામાં આવેલી લાઇસન્સ ફીમાં વધઘટ થતી હોય તો તે આગળના વર્ષની વાર્ષિક લાઇસન્સ ફીમાં સમાયોજિત | ઉપરોક્ત અવલોકન સંદર્ભે જણાવવાનું કે માનનીય કમિશનની નિયમાવલીઓ મુજબ નાણાકીય વર્ષની શરૂઆતમાં અંદાજિત આધારે વાર્ષિક લાયસન્સ ફીની એડવાન્સ ચુકવણી કરવાની જોગવાઈ છે. વધુમાં, વાસ્તવિક આધારે ગણતરી કરેલી લાયસન્સ ફીમાં વધઘટ આગામી વર્ષના વાર્ષિક લાયસન્સ ફીમાં સમાયોજિત કરવાની પણ જોગવાઈ છે.<br>તે મુજબ, ઉપરોક્ત નીતિ અનુસાર, માનનીય કમિશને નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫ માટે કુલ ₹૩,૩૩૮.૭૩ લાખની લાયસન્સ ફી આવક તરીકે માન્યતા આપી છે, જેમાં નીચે મુજબનો સમાવેશ થાય છે:<br>● નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫ માટે વાર્ષિક લાયસન્સ ફી: ₹૨,૮૦૮.૦૦ લાખ<br>● નાણાકીય વર્ષ ૨૦૨૨–૨૩ માટે લાયસન્સ ફીમાં સુધારો: ₹૫૩૦.૭૩ લાખ |

| | | |
|---|---|---|
| | કરવામાં આવે છે. તે મુજબ, લાઇસન્સધારકો દ્વારા ઓડિટેડ આંકડાના આધારે ચૂકવવામાં આવેલી વાર્ષિક લાઇસન્સ ફીનું એડવાન્સ ચુકવાણું તથા અગાઉના વર્ષોની લાઇસન્સ ફીમાં કરાયેલ સમાયોજન હિસાબોમાં દાખલ કરવામાં આવ્યા છે.<br><br>મહત્વપૂર્ણ હિસાબી નીતિ અનુસાર નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે લાઇસન્સ ફીમાં સમાયોજન ન કરવામાં આવવાને કારણે આવક (વાર્ષિક ફી/સબસ્ક્રિપ્શન) તથા ચાલુ મિલકતો રૂ.૩.૪૪ કરોડ જેટલી ઓછી દર્શાવવામાં આવી છે. ઉપરાંત, આવક ઉપર ખર્ચનો વધારો એ પણ તે જ હદ સુધી ઓછી રીતે દર્શાવવામાં આવ્યો છે. | વધુમાં, માનનીય કમિશન દ્વારા અનુસરવામાં આવતી પ્રથા મુજબ, આગામી વર્ષ (જેમ કે નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫) માટે લાયસન્સ ફી ચૂકવણી કરતી વખતે, કમિશન દ્વારા જારી કરાયેલા ટેરિફ ઓર્ડર મુજબ વીજ વેચાણની મંજૂર અંદાજિત આવકના આધારે લાયસન્સ ફીની ગણતરી કરવામાં આવે છે. ઉપરાંત, અગાઉના વર્ષની (અર્થાત્ ૨૦૨૨–૨૩) લાયસન્સ ફીની ટ્રુ-અપ પ્રક્રિયા પણ ટેરિફ ઓર્ડર મુજબ મંજૂર થયેલી વીજ વેચાણની ટ્રુ-અપ આવકના આધારે કરવામાં આવે છે. આ પ્રથા સતત રીતે અનુસરવામાં આવી રહી છે.<br><br>એ જ રીતે, નાણાકીય વર્ષ ૨૦૨૫–૨૬ માટે લાયસન્સધારકો દ્વારા ચૂકવવાની લાયસન્સ ફી માટે, ટેરિફ ઓર્ડર મુજબ નાણાકીય વર્ષ ૨૦૨૫–૨૬ માટે મંજૂર અંદાજિત વીજ વેચાણ આવક ધ્યાને લેવામાં આવે છે. ઉપરાંત, નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪ માટે લાયસન્સ ફીની ટ્રુ-અપ પ્રક્રિયા પણ ટેરિફ ઓર્ડર મુજબ મંજૂર ટ્રુ-અપ વીજ વેચાણ આવકના આધારે કરવામાં આવે છે.<br><br>ઉપરોક્ત મુજબ, અગાઉના વર્ષોની લાયસન્સ ફીમાં થયેલો સુધારો જે વર્ષે પ્રાપ્ત થાય છે તે જ વર્ષે આવક તરીકે માન્ય કરવામાં આવે છે. તે અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૨–૨૩ માટે ₹૫૩૦.૭૩ લાખની સુધારેલી લાયસન્સ ફી વર્ષ ૨૦૨૪–૨૫ દરમિયાન પ્રાપ્ત થઈ હોવાથી તે જ વર્ષે હિસાબમાં લેવામાં આવી છે. જ્યારે નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪ માટે ₹૩.૪૪ કરોડની સુધારેલી લાયસન્સ ફી વર્ષ ૨૦૨૫–૨૬ દરમિયાન પ્રાપ્ત થઈ છે. આ એકાઉન્ટિંગ પ્રથા ઘણા વર્ષોથી સતત રીતે અનુસરવામાં આવી રહી છે. વધુમાં, લાયસન્સ ફીની વિગતવાર વિભાજન મહત્વપૂર્ણ એકાઉન્ટિંગ નીતિઓના નોંધ મુદ્દા નં. ૭.૧ માં સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવ્યું છે.<br><br>તેમ છતાં, CAG દ્વારા આપેલ સૂચન નોંધવામાં આવ્યું છે અને આગામી નાણાકીય વર્ષથી અમલમાં મુકવામાં આવશે. |

# ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

## નાણાકીય પત્રકો

## ૩૧મી માર્ચ ૨૦૨૫ ના રોજનું સરવૈયું

**રકમ ( ₹ ) લાખ માં**

| **કોર્પસ/મૂડી ફંડ અને જવાબદારીઓ** | **અનુસૂચિ** | **૨૦૨૪-૨૫** | **૨૦૨૩-૨૪** |
|---|---|---|---|
| કોર્પસ/ગુ.વિ.નિ.આયોગ મૂડી ફંડ | ૧ | ૪૪૫૧૯.૦૦ | ૩૮૮૭૦.૦૦ |
| અનામત અને પુરાંત | ૨ | ૨૨૮૯.૨૩ | ૧૯૯૧.૫૧ |
| અંકિત / દેણગી ફંડ | ૩ | ૦.૦૦ | ૦.૦૦ |
| તારણવાળી લોન અને ઉછીના નાણાં | ૪ | ૦.૦૦ | ૦.૦૦ |
| તારણ વિનાની લોન અને ઉછીના નાણાં | ૫ | ૦.૦૦ | ૦.૦૦ |
| વિલંબિત ધિરાણ જવાબદારીઓ | ૬ | ૦.૦૦ | ૦.૦૦ |
| ચાલુ જવાબદારીઓ અને જોગવાઈ | ૭ | ૩૨૩૦.૯૧ | ૨૪૮૯.૭૭ |
| | **સરવાળો ₹** | **૫૦૦૩૯.૧૪** | **૪૩૩૫૧.૨૮** |

| **અસ્કયામતો** | | | |
|---|---|---|---|
| સ્થાયી મિલ્કતો | ૮ | ૧૫૩૩.૭૩ | ૧૬૪૩.૭૨ |
| અંકિત/દેણગી ફંડોમાંથી મૂડી રોકાણ | ૯ | ૦.૦૦ | ૦.૦૦ |
| અન્ય મૂડી રોકાણ | ૧૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ચાલુ અસ્કયામતો , લોન , પેશગીઓ | ૧૧ | ૪૮૫૦૫.૪૧ | ૪૧૭૦૭.૫૬ |
| પ્રકીર્ણ ખર્ચ | | | |
| | **સરવાળો ₹** | **૫૦૦૩૯.૧૪** | **૪૩૩૫૧.૨૮** |

**આયોગના નામે અને વતી**

**સાક્ષી ખેસ્કવાની**
હિસાબી અધિકારી (I/c.)

**ડી.આર.પરમાર**
નિયામક
( વહીવટ અને હિસાબ )

**રંજીથકુમાર જે., આઈ.એ.એસ.**
સચિવ

**તારીખ : ૧૯-૦૫-૨૦૨૫**
**સ્થળ:- ગાંધીનગર.**

# ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

## આવક જાવક ખાતું વર્ષ ૨૦૨૪-૨૫

રકમ (₹) લાખ માં

| અ. આવક | અનુસૂચિ | ૨૦૨૪-૨૫ | ૨૦૨૩-૨૪ |
|---|---|---|---|
| વેચાણ/સર્વિસમાંથી | ૧૨ | - | - |
| અનુદાન/સહાયકી | ૧૩ | - | - |
| ફી અને ચાર્જ | ૧૪ | ૪૩૩૫.૯૯ | ૩૬૯૯.૪૬ |
| મૂડી રોકાણમાંથી આવક | ૧૫ | - | - |
| રોયલ્ટી, પ્રકાશનો વગરેમાંથી આવક | ૧૬ | - | - |
| પ્રાપ્ત કરેલ વ્યાજ | ૧૭ | ૩૨૨૪.૪૦ | ૨૫૫૧.૬૭ |
| અન્ય આવક | ૧૮ | ૧.૧૫ | ૧.૦૩ |
| તૈયાર માલના સ્ટોકમાં વધારો/ | ૧૯ | - | - |
| ઘટાડો અને ચાલુ કામ | | - | - |
| | **સરવાળો (અ.)** | **૭૫૬૧.૫૪** | **૬૨૫૨.૧૬** |
| **બ. ખર્ચ** | | | |
| મહેકમ ખર્ચ | ૨૦ | ૭૩૬.૮૪ | ૬૪૬.૦૧ |
| અન્ય વહીવટી ખર્ચ વગેરે | ૨૧ | ૬૬૯.૦૧ | ૫૦૯.૧૫ |
| અનુદાન, સહાયકી ખર્ચ વગેરે | ૨૨ | - | - |
| વ્યાજ | ૨૩ | - | - |
| ઘસારો( અનુસૂચિ-૮ ને અનુરૂપ વર્ષને | ૮ | ૧૯૪.૮૪ | ૨૧૪.૪૦ |
| અંતે ચોખ્ખો સરવાળો ) | | | |
| | **સરવાળો (બ.)** | **૧૬૦૦.૬૯** | **૧૩૬૯.૫૬** |
| સિલક-ખર્ચ કરતા આવકનો વધારો | **(ક=અ-બ)** | ૫૯૬૦.૮૫ | ૪૮૮૨.૬૦ |
| પહેલાનો સમયગાળો (આવક/ખર્ચ) | **(ડ)** ૨૪ | -૧૩.૫૫ | -૯.૬૭ |
| કર પહેલાં ખર્ચ કરતાં આવકની વધુ પડતી બેલેન્સ (ઈ=ક+ડ) | | ૫૯૪૭.૩૦ | ૪૮૭૨.૯૨ |
| ટેક્સ ખર્ચ | | - | - |
| વર્તમાન કર (ફ) | | ૦.૫૯ | ૦.૫૬ |
| અગાઉના વર્ષોનું ટેક્સ એડજસ્ટમેન્ટ (ગ) | | ૦.૦૦ | ૧.૦૦ |
| કર (હ-ઈ-ફ-ગ) પછી ખર્ચ કરતાં આવકની વધુ પડતી રકમ | | ૫૯૪૬.૭૨ | ૪૮૭૧.૩૬ |
| ખાસ અનામત ખાતે તબદિલ | | ૫૬૪૯.૦૦ | ૪૬૨૮.૦૦ |
| સામાન્ય અનામત ખાતે તબદિલ | | ૨૯૭.૭૨ | ૨૪૩.૩૬ |
| સિલક બાકી જમા હોઈ સરવૈયામાં તબદિલ | | - | - |
| નોંધપાત્ર હિસાબી નિતિઓ આનુષંગિક જવાબદારીઓ | | - | - |
| અને એકાઉન્ટ્સ પરની નોંધો | ૨૫ | | |

**આયોગના નામે અને વતી**

| | | |
|---|---|---|
| **સાક્ષી ખેસ્કવાની** | **ડી.આર.પરમાર** | **રંજીથકુમાર જે., આઈ.એ.એસ.** |
| હિસાબી અધિકારી (I/c.) | નિયામક (વહીવટ અને હિસાબ) | સચિવ |

**તારીખ : ૧૯-૦૫-૨૦૨૫**
**સ્થળ:- ગાંધીનગર**

# ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

**અનુસૂચિ-૧ કોર્પસ/મૂડી ફંડ** — **રકમ (₹) લાખ માં**

| **વિગતો** | **૨૦૨૪-૨૫** | **૨૦૨૩-૨૪** |
|---|---|---|
| વર્ષની શરૂઆતમાં સિલક | ૩૮૮૭૦.૦૦ | ૩૪૨૪૨.૦૦ |
| વત્તા :કોર્પસ/મૂડી ફંડ ખાતે ફાળો | - | - |
| વત્તા : ચાલુ વર્ષમાં આવક અને ખર્ચના ખાતામાંથી તબદિલ કરેલ | ૫૬૪૯.૦૦ | ૪૬૨૮.૦૦ |
| **વર્ષના અંતે સિલક** | **૪૪૫૧૯.૦૦** | **૩૮૮૭૦.૦૦** |

**અનુસૂચિ-૨ અનામત અને બાકી જમા રકમ** — **રકમ (₹) લાખ માં**

| **વિગતો** | **૨૦૨૪-૨૫** | **૨૦૨૩-૨૪** |
|---|---|---|
| ૧. અનામત મૂડી | - | - |
| ૨. મુલ્યાંકન મૂડી | - | - |
| ૩. ખાસ મૂડી | - | - |
| ૪. અનામત અને બાકી જમા રકમ | | |
| વર્ષની શરૂઆતમાં સિલક | ૧૯૯૧.૫૧ | ૧૭૪૮.૧૫ |
| વત્તા :ચાલુ વર્ષમાં આવક અને ખર્ચ ખાતાની સિલકમાંથી તબદિલ કરેલ | ૨૯૭.૭૨ | ૨૪૩.૩૬ |
| **વર્ષના અંતે સિલક** | **૨૨૮૯.૨૩** | **૧૯૯૧.૫૧** |

**અનુસૂચિ-૩ અંકિત/દેણગી રકમ** — **રકમ (₹) લાખ માં**

| **વિગતો** | **૨૦૨૪-૨૫** | **૨૦૨૩-૨૪** |
|---|---|---|
| અંકિત/દેણગી રકમ | - | - |

**અનુસૂચિ-૪ તારણવાળી લોન અને ઉછીના નાણાં** — **રકમ (₹) લાખ માં**

| **વિગતો** | **૨૦૨૪-૨૫** | **૨૦૨૩-૨૪** |
|---|---|---|
| તારણવાળી લોન અને ઉછીના નાણાં | - | - |

**અનુસૂચિ-૫ તારણ વિનાની લોન અને ઉછીના નાણાં** — **રકમ (₹) લાખ માં**

| **વિગતો** | **૨૦૨૪-૨૫** | **૨૦૨૩-૨૪** |
|---|---|---|
| તારણ વિનાની લોન અને ઉછીના નાણાં | - | - |
| **વર્ષના અંતે સિલક** | - | - |

**અનુસૂચિ-૬ વિલંબિત ધિરાણ જવાબદારીઓ** — **રકમ (₹) લાખ માં**

| **વિગતો** | **૨૦૨૪-૨૫** | **૨૦૨૩-૨૪** |
|---|---|---|
| **વિલંબિત ધિરાણ જવાબદારીઓ** | - | - |

| અનુસૂચિ-૭ ચાલુ જવાબદારીઓ અને જોગવાઈઓ | રકમ (₹) લાખ માં | |
|---|---|---|
| **વિગતો** | **૨૦૨૪-૨૫** | **૨૦૨૩-૨૪** |
| **ક. ચાલુ જવાબદારીઓ** | | |
| ૧. અર્જિત પરંતુ લેણું નહીં થયેલ વ્યાજ | | |
| ક) તારણ વાળી લોન /ઉછીના નાણાં પર | - | - |
| ખ) તારણ વિનાની લોન/ઉછીના નાણાં પર | - | - |
| ૨. વૈધાનિક જવાબદારીઓ | | |
| ક) મુદત વિતેલ | - | - |
| ખ) અન્ય | - | - |
| ૩. અન્ય ચાલુ જવાબદારી | | |
| ક) એડવાન્સ લાયસન્સ ફી | ૮.૬૦ | ૫.૭૫ |
| ખ) સીક્યુરીટી ડીપોઝીટ | ૩.૫૪ | ૨.૫૧ |
| ગ) અર્નેસ્ટમની ડીપોઝીટ | ૦.૮૦ | ૦.૮૦ |
| ઘ) ખોવાયેલ ચેક | ૧.૯૪ | ૧.૯૪ |
| ચ) ચૂકવવાપાત્ર લાયન્સ અન્ય | ૧૬.૧૭ | ૦.૮૭ |
| છ) લાયસન્સ ફી પર GST (ધારકોને ચુકવવા પાત્ર) | ૨૬૯૭.૨૪ | ૧૬૨૧.૪૮ |
| જ) વિવિધ લેણદાર | ૨.૫૩ | - |
| **સરવાળો (ક)** | **૨૭૩૦.૮૨** | **૧૬૩૩.૩૬** |
| **ખ જોગવાઈઓ** | | |
| ૧. વેરા માટે | ૦.૫૯ | ૦.૫૬ |
| ૨. ગ્રેજયુઈટી | ૧૫૯.૦૭ | ૧૩૨.૭૪ |
| ૩. વય નિવૃત્તિ / પેન્શન | - | - |
| ૪. જમા થયેલ પ્રાપ્ત રજાઓ | ૧૭૭.૩૪ | ૧૫૭.૭૦ |
| ૫. ટ્રેડ વોરંટી / દાવા | - | - |
| ૬. અન્ય (દર્શાવવું) | - | - |
| ૭. જીઈઆરસીના યોગદાનની સીપીએફ જોગવાઈ | ૪૯.૫૧ | ૪૦.૬૬ |
| ૮. ચૂકવવાના બાકી ખર્ચ. | | |
| વણચૂકવેલ ખર્ચ : ૨૦૨૪-૨૫ | ૧૦૧.૮૦ | - |
| વણચૂકવેલ ખર્ચ : ૨૦૨૩-૨૪ | ૨.૧૩ | ૩૭.૭૫ |
| વણચૂકવેલ ખર્ચ : ૨૦૨૨-૨૩ | - | - |
| વણચૂકવેલ ખર્ચ : ૨૦૧૯-૨૦ | ૯.૬૫ | ૧૨.૦૮ |
| **ગ. ચુકવવાના બાકી ખર્ચા** | | |
| ૧. સ્ત્રોત પર કર કપાતભાડું | - | - |
| ૨. સ્ત્રોત પર કર કપાત-વેતન | - | - |
| ૩. સ્ત્રોત પર કપાત - પ્રોફેશનલ ફી (૧૯૪ જે) | - | - |
| ૪. સ્ત્રોત પર કપાત - કોન્ટ્રાક્ટર સર્વિસીસ (૧૯૪ સી) | - | - |
| ૫. જી.એસ.ટી. ટી.ડી.એસ. | - | - |
| ૬. લાઈસન્સ ફી ઉપર જી.એસ.ટી. ચૂકવવા પાત્ર | - | ૪૭૪.૯૨ |
| **સરવાળો (ખ + ગ)** | **૫૦૦.૦૯** | **૮૫૬.૪૧** |
| **સરવાળો (ક+ખ+ગ)** | **૩૨૩૦.૯૧** | **૨૪૮૯.૭૭** |

| **અનુસૂચિ-૮ સ્થાયી અસ્કયામતો** | | | | | | | **રકમ (₹) લાખ માં** |
|---|---|---|---|---|---|---|---|
| | | | **એકંદર ઘટક** | | | | |
| **વર્ણન** | ઘસારો દર★ | વર્ષની શરૂઆતમાં કિંમત/મૂલ્યાંકન ૧-૪-૨૦૨૪ | વર્ષ દરમ્યાન ઉમેરો ૩૦-૦૯-૨૪ સુધી | વર્ષ દરમ્યાન ઉમેરો ૩૦-૦૯-૨૪ પછી | વર્ષ દરમ્યાન કુલ ઉમેરો ૨૦૨૪-૨૫ | વર્ષ દરમ્યાન ઘટાડો ૨૦૨૪-૨૫ | |
| | | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | |
| ૧. સ્થાયી અસ્કયામતોની જમીન | | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | |
| (ક) ફ્રી હોલ્ડ | | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | |
| (ખ) પટાથી ધારણ કરેલ | | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | |
| ૨. મકાનો | | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | |
| (ક) વિના મૂલ્યે ધારણ કરેલ જમીન પર | | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | |
| (ખ) પટાની જમીનો પર | | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | |
| (ગ) માલિકી ફ્લેટ/મકાનો | ૧૦% | ૨૩૬૫.૬૩ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | |
| | | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | |
| | | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | |
| ૩. પ્લાંટ યંત્ર સામગ્રી અને | | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | |
| સાધન સામગ્રી | | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | |
| ૪. વાહનો | ૧૫% | ૧૯૯.૯૪ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | |
| ૫. ફર્નિચર અને ફિક્સચર્સ | ૧૦% | ૯૮૬.૦૫ | ૩૭.૦૬ | ૫.૭૫ | ૪૨.૮૦ | ૧૩.૦૬ | |
| ૬. કચેરી સાધન સામગ્રી | ૧૦% | ૫૮.૧૩ | ૫.૩૮ | ૧૩.૬૯ | ૧૯.૦૭ | ૬.૬૯ | |
| ૭. કમ્પ્યુટર પેરીફિરલ્સ | ૪૦% | ૨૩૭.૮૪ | ૨૦.૭૯ | ૨૬.૯૦ | ૪૭.૭૦ | ૫૨.૧૬ | |
| ૮. વીજળીક ગોઠવણો | | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | |
| ૯. ગ્રંથાલય પુસ્તકો | ૪૦% | ૪.૯૪ | ૦.૦૦ | ૦.૦૯ | ૦.૦૯ | ૦.૦૦ | |
| ૧૦. અન્ય સ્થાયી અસ્કયામતો | | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | |
| ૧૧. અદ્રશ્ય મિલકત | ૨૫% | ૧૪.૯૫ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | |
| **સરવાળો** | | **૩૮૬૭.૪૯** | **૬૩.૨૩** | **૪૬.૪૩** | **૧૦૯.૬૬** | **૭૧.૯૧** | |

| ઘસારો | | | | | | | ચોખ્ખો ઘટક | |
|---|---|---|---|---|---|---|---|---|
| વર્ષના અંતે મૂલ્યાંકન/કિંમત (૩૧-૦૩-૨૦૨૫) ૧+૪-૫=૬ | વર્ષની શરૂઆતમાં હોય તે પ્રમાણે ૧-૪-૨૦૨૪ | વર્ષ દરમ્યાન ઘસારો ૨૦૨૪-૨૫ | વર્ષ દરમ્યાન વધારા પર ઘસારો ૨૦૨૪-૨૫ | વર્ષ દરમ્યાન વધારા પર ઘસારો | ચાલુવર્ષ દરમ્યાન ઘટાડાની કપાત ૨૦૨૪-૨૫ | વર્ષના અંતે સરવાળો ૨૦૨૪-૨૫ ૭+૮+૯-૧૦-૧૧ =૧૨ | ચાલુ વર્ષના અંતે હોય તે મુજબ ૨૦૨૩-૨૪ ૬-૧૧=૧૨ | આગલા વર્ષના અંતે હોય તે મુજબ ૨૦૨૨-૨૩ (૧-૭) |
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૩૬૫.૬૩ | ૧૨૨૩.૧૨ | ૧૧૪.૨૫ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૩૩૭.૩૭ | ૧૦૨૮.૨૬ | ૧૧૪૨.૫૧ |
| ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૯૯.૯૪ | ૯૨.૦૫ | ૧૬.૧૮ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૦૮.૨૪ | ૯૧.૭૧ | ૧૦૭.૮૯ |
| ૧૦૧૫.૮૦ | ૬૭૬.૨૫ | ૩૦.૫૭ | ૪.૨૮ | ૦.૦૦ | ૮.૯૬ | ૭૦૨.૧૫ | ૩૧૩.૬૫ | ૩૦૯.૮૦ |
| ૭૦.૫૧ | ૨૫.૧૩ | ૨.૯૭ | ૧.૩૨ | ૦.૦૦ | ૩.૪૩ | ૨૫.૯૯ | ૪૪.૫૨ | ૩૩.૦૦ |
| ૨૩૩.૩૮ | ૧૯૬.૫૫ | ૮.૬૪ | ૧૩.૭૦ | ૦.૦૦ | ૩૨.૪૭ | ૧૮૬.૪૨ | ૪૬.૯૬ | ૪૧.૨૯ |
| ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૫.૦૩ | ૪.૬૯ | ૦.૧૦ | ૦.૦૨ | ૦.૦૦ | ૦.૦૦ | ૪.૮૧ | ૦.૨૨ | ૦.૨૫ |
| ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૪.૯૫ | ૫.૯૮ | ૦.૦૦ | ૨.૮૦ | -૨.૨૪ | ૦.૦૦ | ૬.૫૪ | ૮.૪૧ | ૮.૯૭ |
| **૩૯૦૫.૨૪** | **૨૨૨૩.૭૭** | **૧૭૨.૭૨** | **૨૨.૧૨** | **-૨.૨૪** | **૪૪.૮૬** | **૨૩૭૧.૫૧** | **૧૫૩૩.૭૩** | **૧૬૪૩.૭૨** |

*નોંધ: ઘસારાના દર આયકર નિયમો ૧૯૬૨ના પત્રક-૧ તથા આવક વેરા કાયદો ૧૯૬૧ પ્રમાણે ગણેલ છે.*

| અનુસૂચિ-૯ અંકિત/દેણગી ફંડમાંથી મૂડી રોકાણ | રકમ (₹) લાખ માં | |
|---|---|---|
| **વિગતો** | **૨૦૨૪-૨૫** | **૨૦૨૩-૨૪** |
| **અંકિત/દેણગી ફંડમાંથી મૂડી રોકાણ** | - | - |

| અનુસૂચિ-૧૦ મૂડી રોકાણ અન્ય | | |
|---|---|---|
| **વિગતો** | **૨૦૨૪-૨૫** | **૨૦૨૩-૨૪** |
| **મૂડી રોકાણ અન્ય** | - | - |

| અનુસૂચિ-૧૧ ચાલુ અસ્કયામતો, લોન, પેશગીઓ | રકમ (₹) લાખ માં | |
|---|---|---|
| **વિગતો** | **૨૦૨૪-૨૫** | **૨૦૨૩-૨૪** |
| ક. ચાલુ અસ્કયામતો | | |
| ૧. પરચૂરણ દેવાદારો | - | - |
| ક) છ મહિના કરતાં વધુ સમયથી બાકી દેવા | - | - |
| ખ) અન્ય | - | ૩૨.૨૭ |
| ૨. હાથ પર રોકડ સિલક | ૦.૨૪ | ૦.૪૮ |
| (ચેક / ડ્રાફ્ટ / અને પેશગી સહિત) | | |
| ૩. બેંક સિલક | | |
| ક) અનુસૂચિત બેંકોમાં | - | - |
| ૧. મુદતી થાપણો | - | - |
| ૨. બચત ખાતું | ૪૭.૨૪ | ૨૫.૨૫ |
| ૩. ચાલુ ખાતું | ૨.૮૧ | ૦.૬૭ |
| ૪. અન્ય થાપણો | ૩.૫૩ | ૨.૫૦ |
| ખ. બીન અનુસુચિત બેંકોમાં | | |
| ૧. ફીક્સડ્ / ટર્મ ડીપોઝીટ | - | - |
| ૨. ઓટો સ્વીપ બચત ખાતુ | - | - |
| ૩. ચાલુ ખાતા | - | - |
| ૪. અન્ય ડીપોઝીટ | - | - |
| ગ. જાહેર નાણાકીય સંસ્થા | | |
| ૧. ઈન્ટર કોર્પોરેટ ડીપોઝીટ | ૪૪૯૧૨.૦૦ | ૩૮૮૮૩.૦૦ |
| ૨. ફીક્સડ્ / ટર્મ ડીપોઝીટ | - | - |
| ૩. ચાલુ ખાતા | - | - |
| ૪. અન્ય ડીપોઝીટ | - | - |
| **સરવાળો (ક)** | **૪૪૯૬૫.૮૨** | **૩૮૯૪૪.૧૬** |

| અનુસૂચિ-૧૧.ખ અન્ય અસ્કયામતો, લોન, પેશગીઓ વગેરે | | રકમ (₹) લાખ માં |
|---|---|---|
| **વિગતો** | **૨૦૨૪-૨૫** | **૨૦૨૩-૨૪** |
| **૧. લોન** | | |
| ક) સ્ટાફ મકાન બાંધકામ પેશગી | | |
| ૧. મકાન બાંધકામ પેશગી-કે.જી.રાજપૂત (મુદ્દલ) | - | ૦.૧૯ |
| ૨. મકાન બાંધકામ પેશગી-વી.ડી.પરમાર (મુદ્દલ) | ૧.૯૩ | ૩.૮૭ |
| ૩. મકાન બાંધકામ પેશગી-કે.જી.રાજપૂત (વ્યાજ) | ૩.૫૦ | ૩.૪૯ |
| ૪. મકાન બાંધકામ પેશગી-વી.ડી.પરમાર (વ્યાજ) | ૬.૮૨ | ૬.૪૪ |
| ખ) સ્ટાફ તહેવાર (પેશગી) | ૦.૫૦ | ૦.૫૫ |
| ગ) અન્ય એકમોની પ્રવૃત્તિઓ/ઉદ્દેશ્યો તે | - | - |
| એકમને સમાન સંકળાયેલ હોય | - | - |
| **૨. રોકડ કે વસ્તુરૂપે અથવા મળનારી કિંમત માટે પેશગીઓ અને વસૂલાતપાત્ર બીજી રકમો** | | |
| ક) વિરોધ હેઠળ ચૂકવવામાં આવેલ લાઈસન્સ ફી પર | ૨૬૯૮.૩૫ | ૧૬૨૨.૨૩ |
| GST (GST વિભાગ તરફથી મળવાપાત્ર.) | | |
| ખ) લાઈસન્સ ફી પર GST | - | ૪૭૪.૯૨ |
| (GST વિભાગ તરફથી મળવાપાત્ર.) | | |
| ગ) GST પર RCM (GST વિભાગ તરફથી મળવાપાત્ર.) | ૬.૬૭ | - |
| ઘ) આવકવેરા ખાતા તરફથી મળવાપાત્ર | ૦.૨૧ | ૦.૨૧ |
| ચ) પેટ્રોલ કાર્ડ એડવાન્સ | ૦.૬૭ | ૦.૩૭ |
| છ) વેબસાઈટ ડેવલોપમેન્ટ એડવાન્સ | ૦.૫૮ | - |
| જ) કર્મચારીઓ પાસેથી વસૂલાતપાત્ર | ૫.૨૮ | ૧૭.૯૫ |
| ઝ) પૂર્વ ચૂકવણીઓ | | |
| ૧. અગાઉથી ચૂકવેલ ખર્ચ ૨૦૨૪-૨૫ | - | ૮.૯૫ |
| ૨. અગાઉથી ચૂકવેલ ખર્ચ ૨૦૨૫-૨૬ | ૯.૭૯ | ૦.૧૦ |
| ૩. અગાઉથી ચૂકવેલ ખર્ચ ૨૦૨૬-૨૭ | ૦.૦૨ | ૦.૦૧ |
| ૪. અગાઉથી ચૂકવેલ ખર્ચ ૨૦૨૭-૨૮ | ૦.૦૦ | - |
| ટ) અન્ય (થાપણો) | | |
| ૧. પેટ્રોલ પંપ | ૦.૩૮ | ૦.૩૮ |
| ૨. ટેલિફોન | ૦.૩૧ | ૦.૩૧ |
| ૩. સામાન્ય વિસ્તાર જાળવણી થાપણો | ૧૨.૮૭ | ૧૨.૮૭ |
| ૪. ઈલેક્ટ્રીસીટી | ૦.૭૫ | ૦.૬૨ |
| ૫. સરકારી આવાસ થાપણ | ૦.૦૪ | ૦.૦૪ |
| ૬. સેઈફ ડિપોઝીટ વોલ્ટ (થાપણ) | ૦.૨૦ | ૦.૨૦ |
| ૭. એસ. ડી. યુટિલીટી કનેક્શન (ગીફ્ટ) | ૧૨.૮૫ | ૧૨.૮૫ |
| ૮. કલ્પતરૂ ફીલીંગ સ્ટેશન | ૦.૨૬ | ૦.૨૬ |

| | | |
|---|---|---|
| **૩. અર્જિત આવક** | | |
| ક) અંકિત/દેણગી ફંડમાંથી મૂડીરોકાણ પર | - | - |
| ખ) મૂડીરોકાણો પર - અન્ય | - | - |
| ગ) રાષ્ટ્રીયકૃત બેંકમાંથી ઉપાર્જિત વ્યાજ | - | ૨.૧૨ |
| ઘ) જાહેર નાણાંકીય સંસ્થાઓમાંથી ઉપાર્જિત વ્યાજ (GSFS) | ૭૭૭.૬૦ | ૫૯૪.૪૭ |
| | - | - |
| **સરવાળો (ખ) રૂ.** | **૩૫૩૯.૫૯** | **૨૭૬૩.૪૧** |
| **સરવાળો (ક+ખ) રૂ.** | **૪૮૫૦૫.૪૧** | **૪૧૭૦૭.૫૬** |

**અનુસૂચિ-૧૨ સેવાઓમાંથી આવક** — **રકમ (₹) લાખ માં**

| **વિગતો** | **૨૦૨૪-૨૫** | **૨૦૨૩-૨૪** |
|---|---|---|
| સેવાઓમાંથી આવક | - | - |

**અનુસૂચિ-૧૩ અનુદાન/સહાયક** — **રકમ (₹) લાખ માં**

| **અનુદાન/સહાયકી** | **૨૦૨૪-૨૫** | **૨૦૨૩-૨૪** |
|---|---|---|
| ૧. કેન્દ્ર સરકાર | - | - |
| ૨. રાજય સરકાર | - | - |
| ૩. સરકારી સંસ્થાઓ | - | - |
| ૪. સંસ્થાઓ/કલ્યાણ સંસ્થાઓ | - | - |
| ૫. આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ | - | - |
| ૬. અન્ય (નિર્દિષ્ટ કરવું) | - | - |
| **સરવાળો** | - | - |

**અનુસૂચિ-૧૪ ફી / લવાજમો** — **રકમ (₹) લાખ માં**

| **ફી / લવાજમો** | **૨૦૨૪-૨૫** | **૨૦૨૩-૨૪** |
|---|---|---|
| ૧. પ્રવેશ ફી | - | - |
| ૨. વાર્ષિક ફી / લવાજમો | ૩૩૩૮.૭૩ | ૨૬૩૩.૮૪ |
| ૩. પરિસંવાદ / કાર્યક્રમ ફી | - | - |
| ૪. સલાહ ફી | - | - |
| ૫. અન્ય (નિર્દિષ્ટ કરવું) | - | - |
| ૬. પીટીશન ફી | ૯૯૭.૨૬ | ૧૦૬૫.૬૨ |
| ૭. ટેન્ડર ફી | - | - |
| **સરવાળો** | **૪૩૩૫.૯૯** | **૩૬૯૯.૪૬** |

| **અનુસૂચિ-૧૫ મૂડી રોકાણોમાંથી આવક** | | **રકમ (₹) લાખ માં** |
|---|---|---|
| **વિગતો** | **૨૦૨૪-૨૫** | **૨૦૨૩-૨૪** |
| અંકિત/દેણગી ફંડોમાં મૂડી રોકાણોમાંથી આવક-ફંડો ખાતે તબદિલ | - | - |

| **અનુસૂચિ-૧૬ રોયલ્ટી / પ્રકાશનમાંથી આવક** | **રકમ (₹) લાખ માં** | |
|---|---|---|
| **વિગતો** | **૨૦૨૪-૨૫** | **૨૦૨૩-૨૪** |
| **રોયલ્ટી / પ્રકાશનમાંથી આવક** | - | - |

| **અનુસૂચિ-૧૭ અર્જિત આવક** | **રકમ (₹) લાખ માં** | |
|---|---|---|
| **વિગતો** | **૨૦૨૪-૨૫** | **૨૦૨૩-૨૪** |
| ૧. મુદતની થાપણો પર | | |
| ક) અનુસૂચિત બેંકોમાં | - | ૩૨૧.૮૬ |
| ખ) બિન અનુસૂચિત બેંકોમાં | - | - |
| ગ) જાહેર નાણાંકીય સંસ્થામાંથી | ૩૨૦૯.૫૨ | ૨૨૧૫.૬૯ |
| ઘ) અન્ય | - | - |
| ૨. બચત ખાતામાં | | |
| ક) અનુસૂચિત બેંકમાં | ૧૪.૨૬ | ૧૩.૪૬ |
| ખ) બિન અનુસૂચિત બેંકોમાં | - | - |
| ગ) પોસ્ટ ઓફિસ બચત ખાતું | - | - |
| ઘ) અન્ય | - | - |
| ૩. લોન | | |
| ક) કર્મચારી / સ્ટાફ | - | - |
| ખ) મકાન બાંધકામ વ્યાજ - કે.જી.રાજપૂત | ૦.૨૪ | ૦.૦૪ |
| ગ) મકાન બાંધકામ વ્યાજ - પી.કે.પંચાલ | - | - |
| ઘ) મકાન બાંધકામ વ્યાજ-વી.ડી.પરમાર | ૦.૩૭ | ૦.૬૧ |
| ૪. દેવાદારો અને અન્ય પ્રાપ્તિ પર વ્યાજ | - | - |
| **સરવાળો** | **૩૨૨૪.૪૦** | **૨૫૫૧.૬૭** |

**અનુસૂચિ-૧૮ અન્ય આવક** — **રકમ (₹) લાખ માં**

| વિગતો | ૨૦૨૪-૨૫ | ૨૦૨૩-૨૪ |
|---|---|---|
| ૧. સ્ટાફ પાસેથી વાહન ઉપયોગ ખર્ચની વસૂલાત | ૦.૯૮ | ૦.૩૨ |
| ૨. અન્ય પરચૂરણ | ૦.૧૮ | ૦.૬૮ |
| ૩. આર.ટી.આઈ.ફી. | ૦.૦૦ | ૦.૦૩ |
| ૪. સંપત્તિ ના સ્થાનાંતરણ નફો/નુકશાન | - | - |
| **સરવાળો** | **૧.૧૫** | **૧.૦૩** |

**અનુસૂચિ-૧૯ તૈયાર માલના સ્ટોકમાં વધારો-ઘટાડો તથા ચાલુ કામ** — **રકમ (₹) લાખ માં**

| વિગતો | ૨૦૨૪-૨૫ | ૨૦૨૩-૨૪ |
|---|---|---|
| **તૈયાર માલના સ્ટોકમાં વધારો-ઘટાડો તથા ચાલુ કામ** | - | - |

| અનુસૂચિ-૨૦ મહેકમ ખર્ચ | રકમ ( ₹ ) લાખ માં | |
|---|---|---|
| **વિગતો** | **૨૦૨૪-૨૫** | **૨૦૨૩-૨૪** |
| **ક. પગાર અને વેતન** | | |
| ૧. કમિશનને પગાર અને વેતન | ૧૩૩.૭૫ | ૮૮.૩૭ |
| ૨. કચેરી સ્ટાફને પગાર અને વેતન | ૩૬૯.૭૮ | ૩૪૪.૯૬ |
| ૩. લોકપાલ કચેરી સ્ટાફને પગાર અને વેતન | ૭૦.૬૪ | ૬૫.૧૬ |
| ૪. પ્રાપ્ત રજાઓનું રોકડમાં રૂપાંતર | ૫.૪૩ | ૪.૦૨ |
| ૫. પ્રોત્સાહન / ઈન્સેન્ટીવ | ૧૪.૧૦ | ૧૦.૭૭ |
| **ખ. ભથ્થા અને બોનસ** | | |
| ૧. બોનસ | ૦.૩૧ | ૦.૩૧ |
| ૨. ચાર્જ ભથ્થુ | ૦.૧૪ | ૦.૮૧ |
| ૩. એચ.આર.આર. ભથ્થુ | ૦.૧૦ | ૦.૩૦ |
| **ગ. ભવિષ્ય નિધિમાં ફાળો** | ૫૬.૩૫ | ૫૩.૫૦ |
| **ઘ. અન્ય ફંડ ખાતે ફાળો (નિર્દિષ્ટ કરવું)** | - | - |
| **ચ. સ્ટાફ કલ્યાણ ફંડ** | | |
| ૧. તબીબી સુવિધા અને ભરપાઈ | ૪.૧૩ | ૩.૪૬ |
| ૨. સ્ટાફ કલ્યાણ ખર્ચ | ૨.૧૪ | ૨.૨૪ |
| ૩. યુનિફોર્મ ખર્ચ | - | - |
| **છ. કર્મચારી નિવૃત્તિ અને સમાપ્તિ લાભ અંગે ખર્ચ** | | |
| ૧. ગ્રેજ્યુઈટી - યુટીલીટી સ્ટાફ | ૯.૮૫ | ૮.૩૮ |
| ૨. રજા - પગાર - યુટીલીટી સ્ટાફ | ૧૯.૨૦ | ૧૬.૩૭ |
| ૩. ગ્રેજ્યુઈટી પર નિવૃત્તિ ના લાભો - GERC સ્ટાફ | ૩૧.૨૮ | ૨૩.૬૧ |
| ૪. નિવૃત્તિ સમયે રજા પગાર ના લાભો - GERC સ્ટાફ | ૧૯.૬૩ | ૨૩.૭૬ |
| ૫. મૃત્યુ લાભ ખર્ચ | - | - |
| **સરવાળો** | **૭૩૬.૮૪** | **૬૪૬.૦૧** |

| અનુસૂચિ-૨૧ અન્ય વહીવટી ખર્ચ વગેરે | રકમ ( ₹ ) લાખ માં | |
|---|---|---|
| **વિગતો** | **૨૦૨૪-૨૫** | **૨૦૨૩-૨૪** |
| **ક. સામાન્ય ખર્ચ** | | |
| ૧. બેંક ચાર્જીસ | ૦.૦૦ | ૦.૨૪ |
| ૨. વીજળી | ૧૬.૯૫ | ૨૬.૪૭ |
| ૩. વાહન નિભાવવાનો ખર્ચ/બળતણ વગેરે | ૧૪.૫૦ | ૧૪.૨૨ |
| ૪. જાહેર ખબર | ૨૨.૯૮ | ૨૨.૪૭ |
| ૫. વાહન વીમા ખર્ચ | ૩.૪૪ | ૩.૭૪ |
| ૬. મેનપાવર સર્વિસ સંબંધિત ખર્ચ | ૧૨૦.૪૦ | ૧૦૮.૧૪ |
| ૭. અન્ય ખર્ચ | ૨૮.૧૮ | ૧૭.૯૭ |
| ૮. કાનૂની ખર્ચ | ૦.૨૫ | ૧.૦૧ |
| ૯. પરચૂરણ ખર્ચ | ૦.૧૪ | ૦.૦૭ |
| ૧૦. ટી.ડી.એસ. ઉપર વ્યાજ | ૦.૦૯ | ૦.૦૪ |
| ૧૧. તબદીલ થયેલ અથવા વેચેલ મિલકતો ઉપર નુકશાન | ૬.૫૭ | ૦.૦૬ |
| **સરવાળો** | **૨૧૩.૫૧** | **૧૯૪.૪૩** |
| **ખ. મરામત અને જાળવણી** | | |
| ૧. કચેરી સાધન સામગ્રી | ૧૧.૧૫ | ૧૪.૩૩ |
| ૨. વાહનો | ૯.૦૮ | ૮.૧૮ |
| ૩. કચેરી મકાન | ૧૬.૦૬ | - |
| ૪. કચેરી મકાન નિભાવણી કોમન એરિયા ખર્ચ | ૫૦.૫૦ | ૪૬.૮૩ |
| ૫. આઈ.ટી. ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિભામણી ખર્ચ | ૨૯.૮૯ | ૩.૫૮ |
| ૬. ફર્નિચર | ૦.૫૯ | |
| **સરવાળો** | **૧૧૭.૨૬** | **૭૨.૯૩** |
| **ગ. ભાડા, દર અને વેરા** | | |
| ૧. ભાડું (લોકપાલ કચેરી, અમદાવાદ) | ૧૪.૭૫ | ૧.૪૮ |
| | | |
| **સરવાળો** | **૧૪.૭૫** | **૧.૪૮** |
| **ઘ. ટપાલ, ટેલિફોન અને સંદેશા વ્યવહાર ખર્ચ** | | |
| ૧. ટપાલ ખર્ચ | ૨.૪૩ | ૨.૮૮ |
| ૨. ટેલિફોન ખર્ચ | ૪.૭૭ | ૪.૪૮ |
| ૩. વેબસાઈટ ખર્ચ | ૧.૪૬ | ૧.૧૮ |
| ૪. ઈન્ટરનેટ ખર્ચ | ૪.૩૮ | ૫.૦૦ |
| **સરવાળો** | **૧૩.૦૪** | **૧૩.૫૪** |
| **ચ. મુદ્રણ અને લેખન સામગ્રી ખર્ચ** | | |
| મુદ્રણ અને લેખન સામગ્રી | ૭.૫૨ | ૭.૮૬ |

| | રકમ (₹) લાખ માં | |
|---|---|---|
| **વિગતો** | **૨૦૨૪-૨૫** | **૨૦૨૩-૨૪** |
| **છ. પ્રવાસ અને વાહન ખર્ચ** | | |
| ૧.વિદેશ પ્રવાસ માટે પ્રવાસ ખર્ચ | ૧.૮૩ | - |
| ૨.આંતર દેશીય પ્રવાસ ખર્ચ અને મુસાફરી ભથ્થુ | ૯.૮૭ | ૮.૮૦ |
| ૩.વાહન ખર્ચ | ૦.૧૪ | ૦.૪૧ |
| ૪.રજા પ્રવાસ રાહત | ૩.૫૬ | ૪.૮૧ |
| ૫.પરિવહન ખર્ચ | ૩૭.૨૯ | ૩૭.૬૫ |
| **સરવાળો** | **૫૨.૬૮** | **૫૧.૬૭** |
| **સરવાળો (ક થી છ)** | **૪૧૮.૭૬** | **૩૪૧.૯૦** |
| **જ. લવાજમ ખર્ચ** | | |
| ૧.વર્તમાનપત્ર અને સામયિકોનું લવાજમ | ૧.૫૬ | ૪.૧૦ |
| ૨.CIGRE માટે લવાજમ ખર્ચ. | - | - |
| ૩.CBIP મેમ્બરશીપ ફી | ૦.૫૯ | ૦.૫૯ |
| ૪.FOIR વાર્ષિક ફી | ૧.૦૦ | ૧.૦૦ |
| ૫.SAFIR ફી | ૩.૯૨ | ૩.૯૨ |
| ૬.FOR ફી | ૧૧.૮૦ | ૧૧.૮૦ |
| ૭.અન્ય મેમ્બરશિપ ફી | - | - |
| **સરવાળો** | **૧૮.૮૭** | **૨૧.૪૧** |
| **ઝ. પરિસંવાદ/ટ્રેનિંગ/કાર્યશાળા/મિટિંગ(બેઠક) પર ખર્ચ** | | |
| ૧.પરિસંવાદ/ટ્રેનિંગ/કાર્યશાળા ખર્ચ | ૦.૩૧ | - |
| ૨.મિટિંગ(બેઠક)ખર્ચ | ૦.૭૪ | ૪.૯૪ |
| ૩.FOR / FOIR મિટિંગ ખર્ચ | ૧૦.૧૩ | - |
| **સરવાળો** | **૧૧.૧૮** | **૪.૯૪** |
| **ટ. હોસ્પિટાલીટી ખર્ચ** | - | - |
| **ઠ. પરાર્શક ફી/વ્યવસાયિક ફી** | - | - |
| ૧.કાનૂની પરામર્શક | ૪૮.૦૯ | ૩૫.૯૯ |
| ૨.કન્સલટન્સી રિટેઈનર ફી | ૧૬૮.૪૩ | ૧૦૨.૦૧ |
| ૩.ઓડીટ ફી | ૩.૬૩ | ૨.૯૧ |
| **સરવાળો** | **૨૨૦.૧૫** | **૧૪૦.૯૧** |
| **ડ. ડિપોઝીટ - રોકાણ** | - | - |
| **ઢ. આવકવેરો ચૂકવેલ / જોગવાઈ** | ૦.૦૫ | - |
| **સરવાળો (જ થી ઢ)** | **૨૫૦.૨૫** | **૧૬૭.૨૫** |
| **સરવાળો (ક થી ઢ)** | **૬૬૯.૦૧** | **૫૦૯.૧૫** |

| અનુસૂચિ-૨૨ અનુદાન સહાયક વિ.માંથી ખર્ચ | રકમ (₹) લાખ માં | |
|---|---|---|
| **વિગતો** | **૨૦૨૪-૨૫** | **૨૦૨૩-૨૪** |
| **અનુદાન સહાયક વિ.માંથી ખર્ચ** | **-** | **-** |

| અનુસૂચિ-૨૩ ચૂકવેલ વ્યાજ | રકમ (₹) લાખ માં | |
|---|---|---|
| **વિગતો** | **૨૦૨૪-૨૫** | **૨૦૨૩-૨૪** |
| **ચૂકવેલ વ્યાજ** | **-** | **-** |

| અનુસૂચિ-૨૪ પહેલાના સમયની વિગતો (આવક/ખર્ચ) | રકમ (₹) લાખ માં | |
|---|---|---|
| **વિગતો** | **૨૦૨૪-૨૫** | **૨૦૨૩-૨૪** |
| ક) પહેલાંના સમયગાળાની આવક | | |
| ૧. ઘસારો | ૨.૨૪ | ૮.૯૮ |
| ૨. અન્ય | - | ૨.૮૫ |
| **સરવાળો (ક)** | **૨.૨૪** | **૧૧.૮૪** |
| ખ) પહેલાંના સમયગાળાનો ખર્ચ | | |
| ૧. ખર્ચ | ૧૫.૭૯ | ૨.૮૨ |
| ૨. અસ્ક્યામતો પર અગાઉના સમયગાળાનો નફો અને નુકસાન | - | ૧૮.૬૯ |
| ૩. ઓડિટ ફી | - | - |
| ૪. કન્સલ્ટન્સી રીટેનર ફી | - | - |
| **સરવાળો (ખ)** | **૧૫.૭૯** | **૨૧.૫૧** |
| **નેટ** | **(૧૩.૫૫)** | **(૯.૬૭)** |

## અનુસૂચિ-૨૫ નોંધપાત્ર હિસાબી પદ્ધતિ-નીતિઓ અને હિસાબો પરની નોંધ હિસાબી વર્ષ ૨૦૨૪-૨૫ માટે

**૧. નોંધપાત્ર હિસાબી પદ્ધતિઃ-**

૧.૧ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના પરામર્શમાં રહીને (પત્ર નં.૯૬૭ /એસી.ર/જી.જે./ જી.ઈ.આર.સી./૨૦૦૩-૦૪/૭૫-૦૪, તા.૩૧-૦૮-૨૦૦૪) ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંકઃ જીએચયુ ૨૦૦૫ (૧૦૫)- જી.આર.સી.- ૨૦૦૩-૭૯૯૭-ક, તા.૨૦-૧૦-૨૦૦૫ થી બહાર પાડેલ નિયત નમૂનામાં સને ૨૦૨૪-૨૫ના વાર્ષિક હિસાબો તૈયાર કરવામાં આવેલ છે

૧.૨ કમિશન તેના વાર્ષિક હિસાબો અને હિસાબોની નોંધો ઉપાર્જન (અક્રુઅલ) આધાર પર તૈયાર કરે છે, જો અન્યથા સ્પષ્ટ રીતે જણાવેલ ન હોય તો.

૧.૩ આયોગે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના (ફી, દંડ અને ચાર્જિસ) વિનિયમ-૨૦૦૫ પ્રસિદ્ધ કરેલ છે તે મુજબ પરવાના ફી અને અન્ય મહેસૂલી આવક તા.૦૧-૦૪-૨૦૦૫થી લાગુ થઇ છે. લાઇસન્સ ફી, પિટિશન ફી તથા અન્ય આવક કમિશનની જરૂરિયાતોને પૂરતી હોવાથી, નાણાકીય વર્ષ ૨૦૦૫-૦૬ થી કમિશનને રાજ્ય સરકાર તરફથી કોઇપણ બજેટીય સહાય પ્રાપ્ત થયેલ નથી. રાજય સરકારે ભારતના કોન્ટ્રોલર અને ઓડિટર જનરલના પરામર્શ બાદ સને ૨૦૦૫ના જાહેરનામા ક્રમાંકઃ જીએસયુ/૨૦૦૫(૮૪) જી.ઈ.આર.સી.-૨૦૦૩ (૯૬૮૮)-ક, તા.૦૨-૦૮-૨૦૦૫ થી જી.ઈ.આર.સી. ફંડ નિયમો, ૨૦૦૫ પ્રસિદ્ધ કર્યા છે. આ નિયમો અનુસાર આયોગ વધારાની રકમ રાષ્ટ્રીયકૃત બેંકો / ગુજરાત સ્ટેટ ફાઇનાન્શિયલ સર્વિસિસ લિમિટેડ (ગુજરાત સરકારની NBFC) માં રોકાણરૂપે જમા કરાવી રહ્યું છે.

૧.૪ નાણાકીય વર્ષ ૨૦૦૫-૦૬ થી આયોગે ભવિષ્યની કોઇ અજ્ઞાત પરિસ્થિતિઓને પહોંચી વળવા અથવા ભવિષ્યની (જાણીતી અથવા અજ્ઞાત) જવાબદારીઓ પૂરી કરવા માટે સામાન્ય અનામત બનાવ્યું છે જેમાં આવકમાંથી ખર્ચ બાદ કરીને વધારાની રકમ જીઇઆરસી કોર્પસ અને જનરલ રિઝર્વ ફંડમાં ૯૫% તબદીલ કરીને અને બાકી ૫% રકમ જનરલ રિઝર્વમાં તબદીલ કરવામાં આવે છે.

સામાન્ય રીતે જીઈઆરસીનું ફંડ રાષ્ટ્રીયકૃત બેંકોમાં અથવા ગુજરાત સરકાર દ્વારા પ્રોત્સાહિત જાહેર નાણાંકીય સંસ્થાઓ (જેમ કે GSFS) માં એકથી ત્રણ વર્ષના સમયગાળા માટે ફિક્સ ડિપોઝીટ/ઇન્ટર-કોર્પોરેટ ડિપોઝીટ તરીકે રોકાણ કરવામાં આવે છે.

**૨. હિસાબી વ્યવસ્થા પ્રણાલિઃ-**

નાણાકીય પત્રકો ઐતિહાસિક ખર્ચ પ્રણાલિ તથા ઉપાર્જન પદ્ધતિને આધારે તૈયાર કરવામાં આવે છે. અન્યથા કોઇ ઉલ્લેખ કરવામાં આવ્યો ન હોય.

**૩. રોકાણઃ-**

૩.૧ "લાંબાગાળાના મૂડી રોકાણ" તરીકે ગણવામાં આવેલા રોકાણો ખર્ચના આધારે દર્શાવવામાં આવે છે. કામચલાઉ હોય તે સિવાયના અન્ય ઘટાડા માટેની જોગવાઈ આવા મૂડી રોકાણના વહન ખર્ચમાં કરવામાં આવે છે.

૩.૨ ચાલુ રોકાણ તરીકે ગણવામાં આવેલા રોકાણો ખર્ચ મૂલ્ય અથવા વાજબી (ફેર) મૂલ્યમાંથી જે ઓછું હોય તે મૂલ્યે વહન કરવામાં આવે છે. આવા રોકાણોના મૂલ્યમાં આવેલ ઘટ માટેની જોગવાઈ દરેક રોકાણ માટે અલગ રીતે કરવામાં આવે છે અને કુલ/સામૂહિક આધાર પર કરવામાં આવતી નથી.

૩.૩ ખર્ચમાં બ્રોકરેજ, ટ્રાન્સફર સ્ટેમ્પ ડ્યુટી જેવી ખરીદી સંબંધિત ખર્ચનો સમાવેશ થાય છે.

## ૪. સ્થાયી અસ્કયામતોઃ-

### દ્રશ્ય મિલકતો

૪.૧ સ્થાયી અસ્કયામતો સંપાદન ખર્ચ ખાતે દર્શાવાય છે. જેમાં આંતરિક નૂર, શુલ્ક અને વેરા તથા સંપાદનને લગતા પ્રાસંગિક અને સીધા ખર્ચનો સમાવેશ થાય છે. બાંધકામને લગતા પ્રોજેક્ટમાં કામ શરૂ થયા પહેલાના ખર્ચ (પ્રોજેક્ટ પૂરો થયાં પહેલાં તે ચોક્કસ પ્રોજેક્ટ માટેની લોનના વ્યાજ સહિત) ને મૂડીખર્ચનો ભાગ ગણેલ છે. એકત્રિત ઘસારો અને ચોપડે કિંમત તથા મિલક્તની ચોખ્ખી કિંમત પરિશિષ્ટ-૮માં દર્શાવલ છે.

૪.૨ બિન નાણાકીય અનુદાનની રીતે મળેલી સ્થાયી અસ્કયામતો (કોર્પસ ફંડ ખાતે હોય તે સિવાય) મૂડી અનામત ખાતે આનુષાંગિક જમા-નોંધ કરીને દર્શાવાયેલ મૂલ્ય ખાતે મૂડીકૃત કરાય છે.

૪.૩ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ગીફ્ટસીટી, ગીફ્ટ ટાવર-૧, ૧૦મા માળે ઓફિસ રૂા. ૬૮૨.૬૩ લાખમાં ખરીદવામાં આવી છે.

૪.૪ ફિક્સ્ડ એસેટ રજીસ્ટર નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪થી એક્સેલ ફોર્મેટમાં તૈયાર કરવામાં આવેલ છે. ફિક્સ્ડ એસેટ રજીસ્ટરનું રીકન્શીલેશન ઓડિટ ટિપ્પણીનાં જવાબમાં કરવામાં આવ્યુ છે. અને તેના સંબંધમાં જરૂરી ગોઠવણ / સુધારણા / પુનઃવર્ગીકરણ આપવામાં આવેલ છે જે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે નાણાકીય નિવેદનોમાં તેની અસર સામેલ છે.

### અદ્રશ્ય મિલકતો

૪.૫ અલગથી ખરીદવામાં આવેલી અદ્રશ્ય સંપત્તિઓ પ્રારંભિક ઓળખ સમયે ખર્ચ મૂલ્યે માપવામાં આવે છે. ત્યારબાદ, આવી અદ્રશ્ય સંપત્તિઓ સંચિત અમોર્ટાઇઝેશન તથા જો હોય તો સંચિત ક્ષતિ (ઇમ્પેરમેન્ટ) નુકસાન બાદના ખર્ચ મૂલ્યે દર્શાવવામાં આવે છે. આંતરિક રીતે વિકસાવેલ અદ્રશ્ય મિલકતોનું મૂડીકરણ કરવામાં આવતું નથી અને સંબંધિત ખર્ચ જે વર્ષે થાય તે વર્ષે આવક ખર્ચ ખાતામાં દાખલ કરવામાં આવે છે. વિકાસ ખર્ચનું મૂડીકરણ માત્ર ત્યારે જ કરવામાં આવે છે જ્યારે પ્રોજેક્ટની તકનિકી તથા વ્યાપારી શક્યતા સાબિત થયેલ હોય, ભવિષ્યમાં આર્થિક લાભ મળવાની સંભાવના હોય, સંસ્થાને સંપત્તિ પૂર્ણ કરવાની તથા તેનો ઉપયોગ કે વેચાણ કરવાની ઈચ્છા અને ક્ષમતા હોય અને ખર્ચને વિશ્વસનીય રીતે માપી શકાય.

**૫. ઘસારોઃ-**

૫.૧ દ્રશ્ય તથા અદ્રશ્ય સંપત્તિઓ ઉપર ઘસારો આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ તથા તે હેઠળ બનાવાયેલા નિયમોમાં નિર્ધારિત દર મુજબ ઘટતી જતી બાકી પદ્ધતિ (Written Down Value Method) અનુસાર કરવામાં આવે છે. અહેવાલ હેઠળના વર્ષ માટે ઘસારો ગણતરી કરવાની પદ્ધતિમાં નીચે દર્શાવેલ સિવાય કોઈ ફેરફાર કરવામાં આવેલ નથી.

૫.૨ વર્ષ દરમિયાન સ્થિર સંપત્તિઓમાં થયેલા ઉમેરા અથવા ઘટાડાના સંદર્ભમાં, ઘસારો આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ તથા તે હેઠળના નિયમો અનુસાર ગણવામાં આવે છે. જોકે, વર્તમાન નાણાકીય વર્ષ દરમિયાન કમિશન દ્વારા ખરીદવામાં આવેલી અને પ્રતિ એકમ રૂ. ૫,૦૦૦/- કે તેનાથી ઓછી કિંમત ધરાવતી સંપત્તિઓ પર મૂડીકરણના વર્ષમાં સંપૂર્ણ ઘસારો કરવામાં આવે છે.

**૬. સામાન્યઃ-**

૬.૧ આયોગે સને ૨૦૦૭-૦૮થી નિવૃત્તિ લાભોની જવાબદારી અંગે જોગવાઈ કરવાનું શરૂ કરેલ છે. નિવૃત્તિ લાભોની જોગવાઈ અંગેની ગણતરી આયોગના અધ્યક્ષ/સભ્યો/કર્મચારીઓની નિવૃત્તિ કે કચેરી છોડવાના સમયે ચૂકવવાપાત્ર ગ્રેચ્યુઈટી અને રજાના રોકડમાં રૂપાંતરને ધ્યાનમાં રાખી કરવામાં આવી છે. ગ્રેચ્યુઇટી અને એકત્રિત રજાના રોકડમાં રૂપાંતરની ગણતરી રાજય સરકારની આ અંગેની સંબંધિત જોગવાઈને લક્ષમાં રાખી કરવામાં આવેલ છે.

૬.૨ ચાલુ નાણાકીય વર્ષમાં અધ્યક્ષ, સભ્ય, સચિવ અને કર્મચારીઓને તેમની નિવૃત્તિ સમયે તેમના નિવૃતિના લાભોની ચૂકવણી કરીને તે સંબંધિત ખર્ચ જેવા કે ગ્રેચ્યુઈટી અને રજાના રોકડમાં રૂપાંતર ખાતામાં ઉધારેલ છે સાથે ચાલુ વર્ષમાં તેની જોગવાઈ પણ કરેલ છે. ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન આયોગમાં પ્રતીનિયુક્તીથી ફરજ બજાવતા કર્મચારીઓના રજામાં રોકડ રૂપાંતર અને ગ્રેચ્યુઈટીના લાભો તેમની મૂળ સંસ્થાઓને ચુકવીને આ ખર્ચને નિવૃત લાભો અને તેના આનુશાંગિક ખર્ચ ખાતે ઉધારેલ છે.

૬.૩ વાર્ષિક હિસાબો પૂર્ણ કરતી વખતે મહત્વપૂર્ણ હિસાબી નીતિઓ ( અનુસૂચિ—૨૫ ) નું પ્રમાણિકરણ કરવામાં આવ્યું છે.

**૭. શુલ્ક અને ચાર્જિસઃ-**

વર્ષની શરૂઆતમાં અંદાજના ધોરણે વાર્ષિક પરવાના ફીની આગોતરી ચૂકવણી અંગેની જોગવાઈ આયોગના આ અંગેના વિનિયમ હેઠળ થયેલી છે. તે પછીના વર્ષમાં વાસ્તવિક ધોરણે ચૂકવવાપાત્ર પરવાના ફી અને આગોતરી ચૂકવેલ વાર્ષિક પરવાના ફી વચ્ચેના તફાવત પેટે વધ કે ઘટને સરભર કરવાની જોગવાઈ છે. તદ્અનુસાર ચાલુ નાણાકીય વર્ષમાં આગોતરી પરવાના ફી ની પરવાનેદાર દ્વારા ચૂકવણી તથા આગલા વર્ષોના ઓડિટેડ હિસાબો દ્વારા પરવાનેદારને થયેલી ખરેખર મહેસૂલી આવકના આધારે સરભર કરવામાં આવી છે.

૭.૧ વર્તમાન નાણાકીય વર્ષ દરમિયાન, કમિશને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે કુલ રૂ. ૩૩૩૮.૭૩ લાખ લાઇસન્સ ફી તરીકે આવક માન્ય કરી છે. આમાંથી રૂ. ૫૩૦.૭૩ લાખ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટેની લાઇસન્સ ફીમાં સુધારાના કારણે છે, જે વિવિધ લાઇસન્સધારકો દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ ના હિસાબો પૂર્ણ થવાથી ઉદ્‌ભવેલ છે. બાકી રૂ. ૨૮૦૮.૦૦ લાખ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે અંદાજિત ટ્રાન્સમિશન ક્ષમતા/વિદ્યુત વેચાણ આવકના આધારે ચૂકવાયેલ વાર્ષિક લાઇસન્સ ફી છે.

૭.૨ કમિશને નિયમાવલીઓ મુજબ પિટિશન ફી/ચાર્જિસ પણ પ્રાપ્ત કર્યા છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન કમિશને રૂ. ૯૯૭.૨૬ લાખ પિટિશન ફી તથા અન્ય ચાર્જિસ રૂપે પ્રાપ્ત કર્યા છે.

૭.૩ અનશેડયુલ્ડ ઇન્ટરચેન્જ (UI) ચાર્જિસને વીજ વેચાણ તરીકે ગણવામાં આવતી નથી, જેથી વેચાણની આવકમાંથી તે રકમ ગણતરીમાં લેવાતી નથી.

૭.૪ વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન, આવક વસૂલાત અંગે અનિશ્ચિતતા હોવાના કારણે M/s Global Energy Private Limited માટે રૂ. ૨ લાખ તથા તેની મોડા ચુકવણી પરના વ્યાજની આવક માન્ય કરવામાં આવી નથી. આવક તે હદ સુધી જ માન્ય કરવામાં આવે છે જ્યાં આર્થિક લાભ કમિશનને પ્રાપ્ત થવાની સંભાવના હોય અને આવક વિશ્વસનીય રીતે માપી શકાય.

**૮. સરકારી અનુદાન અને સહાયકી:-**

આયોગે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન સરકારી અનુદાન અને સહાયકી પેટે કોઈ રકમ મેળવેલ નથી.

**૯. વિદેશી ચલણના વ્યવહાર:-**

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન કોઈ વિદેશી ચલણ સંબંધિત વ્યવહાર થયેલ નથી.

**૧૦. કરવેરા:-**

૧૦.અ વિદ્યુત અધિનિયમ, ૨૦૦૩ હેઠળ રચાયેલ વૈધાનિક કમિશન તરીકે GERC વૈધાનિક અને નિયમનકારી કામગીરી કરે છે. નાણા મંત્રાલય (રાજસ્વ વિભાગ), કેન્દ્રીય પ્રત્યક્ષ કર બોર્ડ, નવી દિલ્હી દ્વારા સૂચના ક્રમાંક ૧૧૫/૨૦૨૧/એફ.નં.૩૦૦૧૯૬/૯/ ૨૦૨૧-આઇટીએ-આઇ તારીખ ૨૦-૦૯-૨૦૨૧ મુજબ આવકવેરા અધિનિયમની કલમ ૧૦ (૪૬) હેઠળ કમિશનને નિર્દિષ્ટ આવક માટે મુક્તિ પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬ સુધી લાગુ પડે છે.

૧૦.બ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે અન્ય આવક પર રૂ. ૦.૫૮ લાખ નો આવકવેરો ચૂકવવામાં આવ્યો છે. તેમજ ચાલુ વર્ષ માટે રૂ.૦.૫૯ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

૧૦.ક લાઇસન્સ ફી પર ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન દ્વારા ચૂકવવાનાં GST બાબતે ડિરેક્ટોરેટ જનરલ ઓફ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ ઇન્ટેલિજન્સ (DGGI), અમદાવાદ ઝોનલ યુનિટ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. DGGI દ્વારા જણાવ્યા મુજબ, GERC પર લાઇસન્સ ફી સંબંધિત GST ચૂકવવાની જવાબદારી આવે છે

અને તે અનુસંધાને નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ થી લાઇસન્સ ફી તથા લાઇસન્સ એક્ઝેમ્પ્શન ફી રૂપે પ્રાપ્ત થયેલી રકમ પર લાગુ પડતા વ્યાજ અને દંડ સાથે GST ચૂકવવા વિનંતી કરવામાં આવી હતી. આ બાબતમાં એવો નિર્ણય તથા મંજૂરી આપવામાં આવી હતી કે GERC જુલાઈ ૨૦૧૭ થી માર્ચ ૨૦૨૩ દરમ્યાન લાઇસન્સ ફી પરની GST જવાબદારી વિરોધ નોંધાવીને (વ્યાજ અને દંડ વિના) ચૂકવશે તથા મુદ્દા અંગે કાયદેસર રીતે પડકાર કરશે. તે મુજબ, જુલાઈ ૨૦૧૭ થી માર્ચ ૨૦૨૩ દરમ્યાન લાઇસન્સ ફી પરની રૂ.૧૬૨૨.૨૩લાખની GST જવાબદારી વિરોધ નોંધાવીને (વ્યાજ તથા દંડ વિના) ચૂકવવામાં આવી છે. વધુમાં, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટેની લાઇસન્સ ફી પરની GST જવાબદારીનું ચૂકવાણું નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન કરવામાં આવ્યું છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે રૂ.૪૭૪.૯૨ લાખની GST જવાબદારી માટેની જોગવાઈ તે વર્ષના નાણાકીય નિવેદનોમાં કરવામાં આવી છે.

તાજેતરમાં, માનનીય દિલ્હી ઉચ્ચ ન્યાયાલયે તારીખ ૧૫ જાન્યુઆરી, ૨૦૨૫ ના તેના આદેશ દ્વારા CERC તથા DERC દ્વારા વસૂલ કરાયેલી લાઇસન્સ ફી પર GST ની માંગ દર્શાવતી શોકોઝ નોટિસ રદ કરી હતી. આ વિકાસને ધ્યાનમાં લઈને, GERC દ્વારા લાઇસન્સ ફી પર GST સંબંધિત મુદ્દામાં વધારાના કમિશનર દ્વારા પસાર કરાયેલ મૂળ આદેશ રદ કરવા માટે માનનીય ગુજરાત ઉચ્ચ ન્યાયાલય સમક્ષ રિટ અરજી દાખલ કરવામાં આવી છે. ઉપરાંત, વિરોધ નોંધાવીને ચૂકવવામાં આવેલી રકમની પરતફેર મેળવવા માટે GST વિભાગ સમક્ષ રિફંડ અરજી પણ દાખલ કરવામાં આવી હતી.

તારીખ ૨ એપ્રિલ, ૨૦૨૫ ના રિફંડ આદેશ અનુસાર, જુલાઈ ૨૦૧૭ થી નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ સુધીની વાર્ષિક લાઇસન્સ ફી પર ચૂકવવામાં આવેલી રૂ.૨૬૯૮.૩૪ લાખની GST રકમ તથા રિવર્સ ચાર્જ મિકેનિઝમ મુજબ ચૂકવાયેલ રૂ.૬.૬૭ લાખની GST રકમની પરતફેર GST વિભાગ દ્વારા મંજૂર કરવામાં આવી છે.

૨. અગાઉના વર્ષના આંકડાઓ જરૂરી હોય ત્યાં પુનઃગોઠવવામાં / પુનઃવ્યવસ્થિત કરવામાં આવ્યા છે.

૩. નાણાકીય નિવેદનોમાં આંકડાઓ લાખમાં દર્શાવવામાં આવ્યા છે.

૪. અનુસૂચિ ૧ થી ૨૪, ૩૧ માર્ચ ૨૦૨૫ ના બેલેન્સ શીટ તથા તે તારીખે પૂર્ણ થયેલા વર્ષ માટેના આવક અને ખર્ચ ખાતાનો અભિન્ન ભાગ છે.

| | | |
|---|---|---|
| **સાક્ષી ખેસ્કવાની** | **ડી.આર.પરમાર** | **રંજીથકુમાર જે., આઈ.એ.એસ.** |
| હિસાબી અધિકારી (I/c.) | નિયામક (વહીવટ અને હિસાબ) | સચિવ |

**તારીખ: ૧૯-૦૫-૨૦૨૫**
**સ્થળ:- ગાંધીનગર.**




## ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

છઠ્ઠોમાળ, ગીફ્ટ વન રોડ, ૫-સી, ઝોન-૫, ગીફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨૦૫૦

Ph. +91 79 2360 2000

E-mail : gerc@gercin.org Website : www.gercin.org